સને ૨૦૧૮-૧૯માં મંજૂર થયેલ નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના વાંસદાના બદલે નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના ઘોલાર ગામે હાટ બજાર બનાવવા માટે સ્થળફેર કરવાની મંજૂરી આપવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

સુધારા ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૮/ન.બા-૧૫/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૦/૧૨/૨૦૧૯

**વંચાણે લીધા:-**

(૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૨૨/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક નં. આવિ/ અગન/હાટ/૨૦૧૯/૧૧૧૪ થી ૧૧૧૫

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૪/૦૬/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૮/ ન.બા-૧૫/ઘ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૦/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃટીએપી/૧૦૨૦૧૩/ ન.બા.૨૬/ઘ

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃટીએપી/૧૦૨૦૧૪/ ન.બા.૧/ઘ

(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૩/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃટીએપી/૧૦૨૦૧૮/ ન.બા.૧૫/ઘ

(૬) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૯/૦૪/૨૦૧૮નો સુધારા ઠરાવ ક્રમાંકઃટીએપી/ ૧૦૨૦૧૮/ ન.બા.૧૫/ઘ

**સુધારા ઠરાવ ક્રમાંક:**

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૨)ના તા.૧૪/૦૬/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ પરચ/ ૧૦૨૦૧૮/ ન.બા-૧૫/ઘ થી વર્ષ ૨૦૧૮-૧૯માં મંજુર થયેલ ૧૪ જુદા જુદા સ્થળોએ હાટ બજાર શરૂ કરવા બાબતે સૂચવેલ સ્થળોને પાશ્ચાદ્દવર્તી અસરથી મંજૂરી આપવામાં આવેલ. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧)ના પત્રથી જણાવ્યા મુજબ નવસારી જિલ્લાના વાંસદા તાલુકા ખાતે હાટ બજાર બનાવવા માટે સ્થળ તપાસ કરતા અનુકૂળ જગ્યા મળવામાં ન હોવાથી અને નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના ઘોલાર ગામે હાટ બજાર બનાવવા માટેની અનુકૂળ જગ્યા ઉપલબ્ધ હોવાથી સ્થળફેર કરવાની દરખાસ્ત અત્રે કરવામાં આવેલ.

D:\gh-3-\G.R-2018-19\PRC-102018-N.B-15-GH.docx

Scanned by CamScanner

આ વિભાગના તા.૧૪/૦૬/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ પરચ/ ૧૦૨૦૧૮/ ન.બા-૧૫/ઘ થી વર્ષ ૨૦૧૮-૧૯માં ક્રમ (૧) થી (૧૪) મુજબના જુદા જુદા સ્થળોએ હાટ બજાર શરૂ કરવા માટે પાશ્ચાદવર્તી અસરથી મંજૂરી આપવામાં આવેલ. તે પૈકીના ક્રમ (૨) સામે દર્શાવેલ નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના હાટ બજારના બદલે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૧) થી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે નીચે મુજબનો સુધારો વંચાણે લેવો.

| ક્રમ | પી.એ.કચેરી | જિલ્લો | તાલુકો | હાટનું સ્થળ |
|---|---|---|---|---|
| ૨ | વાંસદા | નવસારી | ચીખલી | ધોલાર |

આ ઠરાવ આ વિભાગની ફાઇલ ક્રમાંકઃ હટબ/૧૦૨૦૧૯/૭૩૧/ઘ ઉપર સરકારશ્રીની તા.૧૪/૧૧/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

આ બાબતે સરકારશ્રીના વખતો-વખત બહાર પાડવામાં આવેલ ઠરાવોની શરતો/ જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( વિદ્યુત પંડ્યા )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર..
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.

D:\gh-3-\G.R-2018-19\PRC-102018-N.B-15-GH.docx

Scanned by CamScanner